**પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાની ટુંકી વિગત**

ભારત સરકારશ્રીની ગાઈડલાઈન મુજબ પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો ખરીફ ૨૦૧૬ ઋતુથી રાજયમાં અમલ કરવામાં આવેલ હતી.

**યોજનાનો હેતુઓ :**

- કુદરતી આપત્તિઓના કારણે થતા પાક નુકશાન સામે ખેડુતોને વળતર આપવું.
- ખેડુતની આવકને સ્થિર કરવી.
- ખેડુતને નવીન અને અધતન કૃષિ ટેકનીકો વાપરતા કરવા.
- કૃષિમાં ધિરાણનો પ્રવાહ જાળવી રાખવો.

**રાજયમાં યોજના હેઠળ સમાવેશ પાકો :**

**ખરીફ પાકો (૧૬ પાકો) :** ડાંગર(પિયત),ડાંગર(બિન–પિયત), બાજરા, મકાઈ, જુવાર,રાગી, તુવેર, મગ, અડદ, મઠ, મગફળી,તલ, કપાસ(પિયત), કપાસ(બિન–પિયત), દિવેલા, કેળ

**રવિ પાકો (૧૦ પાકો):** ઘઉ(પિયત), ઘઉ(બિન–પિયત), બટાટા, ડુંગળી, લસણ, જીરૂ, રાઈ–સરસવ, વરીયાળી, ચણા, ઈસબગુલ

**ઉનાળુ પાકો (૨ પાકો) :** ઉનાળુ બાજરી, ઉનાળુ મગફળી

**જુદા–જુદા ૪ પ્રકારના જોખમો સામવેશ થયેલ છે.**

- વાવણી ન થવી/નિષ્ફળ વાવણી
- ઊભા પાકમાં નુકશાન
- લણણી બાદનું નુકશાન
- સ્થાનિક આપત્તિઓથી નુકશાન

## પ્રધાન મંત્રી ફસલ બીમાં યોજના હેઠળ કવરેજ અને દાવાઓની ચુકવણી

- પ્રધાન મંત્રી ફસલ બીમાં યોજના હેઠળ વર્ષ ૨૦૧૬–૧૭ માં ૨૦.૭૪ લાખ ખેડુતો અને ૨૮.૪૪ લાખ હેકટર વિસ્તાર વિમા હેઠળ આવરી લેવામાં આવેલ છે.તેમજ વર્ષ ૨૦૧૬–૧૭ માં કુલ ૬,૭૯,૯૭૧ ખેડુતોને રૂ.૧૨૬૭.૧૯ કરોડ ના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૧.૦૯ લાખ ખેડુતો અને ૨૬.૫૩ લાખ હેકટર વિસ્તાર વિમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૭–૧૮માં ૩,૮૯,૬૧૬ ખેડુતોને રૂ.૧૦૭૫.૮૩ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૯.૬૬ લાખ ખેડુતો અને ૨૬.૧૨ લાખ હેકટર વિસ્તાર વિમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૦,૬૫,૧૨૬ ખેડુતોને રૂ.૨૭૭૭.૮૯ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.
- વર્ષ ૨૦૧૯–૨૦ માં ૨૨.૩૬ લાખ ખેડુતો અને ૨૯.૪૪ લાખ હેકટર વિસ્તાર વિમા હેઠળ આવરી લેવામાં આવેલ છે. હાલની સ્થિતીએ ૩, ૬૫,૨૪૨ ખેડુતોને રૂ. ૩૭૯.૪૭ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે જયારે બાકી દાવાઓની ચુકવણી કાર્યવાહીમાં છે.
- વર્ષ ૨૦૨૦–૨૧ થી ૨૦૨૨–૨૩ એમ ત્રણ વર્ષ માટે ટેન્ડર કરવામાં આવેલ, જેમાં વીમા કંપનીઓ દ્વારા ખુબ ઉંચા પ્રિમિયમ દર ભરવામાં આવેલ હતા.
- જે પ્રિમિયમ દર મુજબ ૨૦૧૯–૨૦માં થયેલ કવરેજને આધારે ગણતરી કરતાં વર્ષ ૨૦૨૦–૨૧માં રાજ્ય સરકારને હિસ્સે વધુ નાણાકીય બોજ (પ્રિમિયમ સબસીડી) આવે તેમ હોઇ સદર યોજનાને વર્ષ ૨૦૨૦–૨૧થી સ્થગીત કરેલ છે.

**પ્રસ્તાવના :**

કુદરતી આપત્તિઓ જેવી કે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવઝોડા અને કમોસમી વરસાદ થી ખેતીના પાકને થતા નુકશાનને કારણે ખેડૂતોને આર્થિક રક્ષણ મળી રહે તે હેતુ થી ભારત સરકારશ્રીએ પાક વીમા યોજના રાજ્યમાં અમલમાં મુકેલ હતી.

**માન. અધ્યક્ષશ્રી**

- આ યોજનાનો મુખ્ય હેતુ કુદરતી આપત્તિના કારણે થતા પાક નુકશાનનું ખેદૂતોને વળતર આપવા માટે
- ખેડૂતોની આવકને સ્થિર કરવા માટે
- ખેડૂતોને નવીન અને અદ્યતન કૃષિ ટેકનોલોજી વાપરતા કરવા
- કૃષિ ધિરાણનો લાભ સતત ખેડૂતો મેળવી શકે તે માટે

**અગ્રતા ક્રમ– ૧૧**

પ્રશ્ન : વર્ષ ૨૦૧૯–૨૦માં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) યોજનામાં રાજ્ય સરકાર દ્વારા વિમા કંપનીને કેટલુ પ્રિમિયમ ચુકવવાનું બાકી છે ? અને તેના કારણો શું છે?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનામાં વર્ષ ૨૦૧૯–૨૦ માં રાજ્ય સરકારના હિસ્સાનું રૂ.૮૫૮.૫૮ કરોડ પ્રિમિયમ હાલની સ્થિતીએ ચુકવવાનું બાકી છે

વર્ષ ૨૦૧૯–૨૦ દરમ્યાન વિમા કંપનીઓ દ્વારા યોજનાના વિવિધ જોખમો સામે વાંધાઓ ઉપસ્થિત કરેલ અને ખેડુતોના દાવાઓ અસ્વીકાર કરેલ જેના કારણે રાજયના વિવિધ ખેડુત સંગઠનો તથા ખેડુત ખાતેદારો દ્વારા ખુબ મોટા પ્રમાણમા દાવાઓ ન ચૂકવવા બાબતે સરકારશ્રીને રજુઆઓ મળેલ.

જેથી નિયમોનુસાર પાત્રતા ધરાવતા હોય તેવા ખેડુતોના દાવાઓ ચૂકવાય તેમજ વિમા કંપનીઓ દ્વારા ઉપસ્થિત કરેલ વાંધાઓની સમીક્ષા બાબતની કાર્યવાહી હાથ ધરવાની હોય રાજય સરકારશ્રીના હિસ્સાનું પ્રિમિયમ બાકી રાખવામાં આવેલ.

**અગ્રતા ક્રમ– ૧૧**

પ્રશ્ન : પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના વર્ષ ૨૦૧૯ પછી સ્થગિત છે, તેના વિકલ્પે કુદરતી આપત્તિમાં ખેડૂતોને સહાય કરવા સરકારશ્રીએ શા પગલા લીધેલ છે ?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

રાજયમાં કુદરતી આપત્તિ અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિની ઘટના બને ત્યારે રાજ્ય સરકાર ખેડૂતોના વિશાલ હિતમાં ખેડૂતોને આર્થિક મદદરૂપ થવા ખાસ કિસ્સામાં વિશેષ પેકેઝ રૂપે સહાય કરે છે.

વર્ષ ૨૦૧૯ થી આજ દિન સુધીમાં કુલ ૬૨ લાખ ખેડૂતોને કુલ રૂ. ૬ હજાર ૮૬૮ કરોડ ૬૨ લાખ ચૂકવ્યા છે.

વિશેષમાં છેલ્લા ૮ વર્ષમાં કુલ ૮૬ લાખ ૯૪ હજાર ખેડૂતોને રૂપિયા ૧૦૨૫૩ કરોડ ૩૧ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

**અગ્રતા ક્રમ– ૧૧**

**પ્રશ્ન : પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના શું છે અને ઉદ્દેશ શું છે?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના ખેડુતોને કુદરતી આપત્તિ સમયે ખેડૂતોના પાક નુકશાન સામે વીમા કવચ દ્વારા આર્થિક રક્ષણ આપતી યોજના છે.

**યોજનાનો ઉદ્દેશ વિશે જણાવું તો**

- કુદરતી આપત્તિઓના કારણે થતા પાક નુકશાન સામે ખેડુતોને વળતર
  આપવું.
- ખેડુતની આવકને સ્થિર કરવી.
- ખેડુતને નવીન અને અધતન કૃષિ ટેકનીકો વાપરતા કરવા.
- કૃષિમાં ધિરાણનો પ્રવાહ જાળવી રાખવા અને ઋણનો બોજો ઘટાડવામાં મદદ મળી રહે.

**અગ્રતા ક્રમ- ૧૧**

**પ્રશ્ન : રાજયમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ કયા કયા પાકોનો સમાવેશ થાય છે?**

જવાબ : માન. અધ્યક્ષશ્રી યોજના હેઠળ સમાવેશ પાકો વિશે જણાવુ તો,

**રાજયમાં ખરીફ ઋતુમાં ૧૬ જેટલા પાકો** જેવાકે ડાંગર (પિયત), ડાંગર (બિન પિયત),બાજરા, મકાઇ, જુવાર, રાગી, તુવેર, મગ, અડદ, મગ, મગફળી, તલ, કપાસ (પિયત), કપાસ(બિન પિયત), દિવેલા, કેળ તથા

**રવિ–ઉનાળુ ઋતુના ૧૨ જેટલા પાકો** જેવાકે **રવિ ઋતુમાં** ઘઉં (પિયત), ઘઉં (બિન પિયત), બટાટા, ડુંગળી, લસણ, જીરૂ, રાઇ–સરસવ,વરીયાળી, ચણા, ઇસબગુલ અને **ઉનાળુ ઋતુમાં** ઉનાળુ બાજરી અને ઉનાળુ મગફળી જેવા પાકનો સમાવેશ થાય છે.

**અગ્રતા ક્રમ– ૧૧**

**તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૬૦**

**પ્રશ્ન : પાક વીમાની જુની યોજના કરતા પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)માં કયા કયા વધારાના જોખમોનો સમાવેશ કરવામા આવેલ છે?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અગાઉ અમલી રાષ્ટ્રીય કૃષિ વિમા યોજના(NAIS) હેઠળ ફકત ઉત્પાદનના જોખમનો સમાવેશ કરેલ હતો. જયારે પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના(PMFBY) હેઠળ પાકના જુદા–જુદા તબક્કાઓ અને પાકને નુકશાન થાય તેવા ચાર પ્રકારના જોખમો વિશે જણાવુ તો

૧. **વાવેતર ન થવું કે રોપણી ન થવી એટલે કે** વિમિત વિસ્તારમાં વરસાદની અછત અથવા પ્રતિકૂળ હવામાનને કારણે નિયત સમયમાં વાવણી ન થવાના જોખમને આવરી લેવામાં આવેલ છે.

૨. **મધ્યવર્તી આપત્તિ એટલે કે** ખેતરમાં પાક ઉભો હોય ત્યારે દુષ્કાળ, લાંબા ગાળા સુધી વરસાદ ન પડવો, પૂર, જેવી વિવિધ કુદરતી આપત્તિઓના કારણે ૫૦% કરતા વધુ પાક ઉત્પાદનમાં ઘટાડો થવાની સંભાવના હોય તેવી કુદરતી આપત્તિ.

૩. **કાપણી પછીનું નુકશાન (Post-Harvest losses) એટલે કે** ખેતરમાં કાપણી પૂર્ણ થયા પછી બે અઠવાડીયા સુધી ના સમયગાળા દરમ્યાન સુકવણી માટે ખેતરમાં રહેલ પાકને વાવાઝોડું અને વાવાઝોડાના કારણે થયેલ વરસાદના કારણે અને કમોસમી વરસાદ કે માવઠાના કારણે ખેત ઉત્પાદનમાં થતા નુકશાનના જોખમને આવરી લેવામાં આવેલ છે.

૪. **સ્થાનીક આપત્તિઓ (Localized Calamities) એટલે કે** જમીન ધસી પડવી, કરા પડવા, પાણીના ભરાવા, વાદળ ફાટવું અને કુદરતી આગ જેવી સ્થાનિક આપત્તિઓના કારણે ખેત ઉત્પાદનમાં થતા નુકશાનના જોખમને આવરી લેવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ– ૧૧**

પ્રશ્ન : રાજયમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) દાખલ કરવા માંગો છો કે કેમ?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

રાજયમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાના તમામ પાસાઓની સમીક્ષા હાથ ધરીને દાખલ કરવા બાબત રાજય સરકારમાં વિચારણા હેઠળ છે. ઉપરાંત, રાજયમાં કોઇ કુદરતી આપત્તિની ઘટના બને ત્યારે રાજય સરકાર ખેડુતોના હિતમાં ખેડુતોને મદદરૂપ થવા સરકારશ્રી દ્વારા ખાસ કિસ્સામાં વિશેષ પેકેજ સ્વરૂપે સહાય કરવામાં આવે છે. આમ, વર્ષ ૨૦૧૬–૧૭ થી SDRF તેમજ રાજય બજેઠ હેઠળ કુલ **૮૭ લાખ ખેડુતો**ને કુલ **૧૦,૨૫૩ કરોડ** રૂપિયા ચુકવવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ– ૧૧**

પ્રશ્ન : પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) અમલમાં આવેથી અત્યાર સુધી કેટલા ખેડુતોને લાભ આપેલ છે?

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

- રાજયમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અમલમાં આવેથી કુલ ૨૫.૦૦ લાખ ખેડુતોને કુલ રૂ. ૫૫૦૦.૨૮ કરોડ રકમના દાવાઓ ની ચુકવણી કરવામાં આવેલ છે. જયારે કુલ ૮૩.૮૨ લાખ ખેડુતો માટે રાજય સરકાર દ્વારા કુલ રૂ.૫૪૯૯.૩૭ કરોડના પ્રિમિયમની રકમ ભરવામાં આવેલ છે. જેની વર્ષવાર વિગતો જોઈએ તો

- વર્ષ ૨૦૧૬–૧૭ માં ૨૦.૭૪ લાખ ખેડુતો માટે રાજય સરકાર દ્વારા રૂ.૧૧૨૫.૫૧ કરોડ પ્રિમિયમ ભરી પાક વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ ૬,૭૯,૯૭૧ ખેડુતોને રૂ.૧૨૬૭.૧૯ કરોડ ના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૭–૧૮ માં ૨૧.૦૯ લાખ ખેડુતો માટે રાજય સરકાર દ્વારા રૂ.૧૪૩૧.૦૭ કરોડ પ્રિમિયમ ભરી પાક વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ ૩,૮૯,૬૧૯ ખેડુતોને રૂ.૧૦૭૫.૮૩ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૮–૧૯ માં ૧૯.૬૬ લાખ ખેડુતો માટે રાજય સરકાર દ્વારા રૂ.૧૩૬૯.૩૧ કરોડ પ્રિમિયમ ભરી પાક વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. તેમજ ૧૦,૬૫,૧૨૬ ખેડુતોને રૂ.૨૭૭૭.૮૯ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૧૯–૨૦ માં ૨૨.૩૩ લાખ ખેડુતો માટે રાજય સરકાર દ્વારા ચુકવવાપાત્ર રૂપિયા ૧૫૭૩.૩૭ કરોડ (ચુકવલે પ્રિમીયમ રૂપિયા ૭૧૪.૭૯ કરોડ) પ્રિમિયમ ભરી પાક વિમા યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. હાલની સ્થિતીએ ૩,૬૫,૨૪૨ ખેડુતોને રૂ. ૩૭૯.૪૭ કરોડના દાવાઓની ચુકવણી કરવામાં આવેલ છે જયારે બાકી દાવાઓની ચુકવણી કાર્યવાહીમાં છે.